## એકમ કસોટી

| | |
|---|---|
| **ધોરણ- 11** | **કુલ ગુણ - 25** |
| **વિષય રસાયણ વિજ્ઞાન -** | **સમય - 1 કલાક** |
| **કોડ – 052** | **માધ્યમ-ગુજરાતી** |

## વિભાગ – A

- **નીચેના પ્રશ્ન નં** 1 **થી** 5 **નાં માગ્યા મુજબ અતિટુંકમાં જવાબ આપો**. [05]

  **(પ્રત્યેક પ્રશ્ન 1 ગુણનો છે.)**

1. નીચે જણાવેલા સ્પીસિઝ અંગે વિચાર કરો:

   $N^{3-}$, $O^{2-}$, $F^{-}$, $Na^{+}$, $Mg^{2+}$ અને $Al^{3+}$

   તેઓને આયનીય ત્રિજ્યાના ચઢતા ક્રમમા ગોઠવો.

2. બહ્યતમ ઇલેક્ટ્રોનીય રચના $ns^2np^4$ ( n=3 ) ધરાવતા તત્વનો આવર્ત જણાવો.

3. નીચે જણાવેલા તત્વોની જોડીમાથી બનતા સ્થાયી દ્વિઅંગી સંયોજનના સૂત્રનું અનુમાન કરો.

   મેગ્નેશિયમ અને નાઈટ્રોજન

4. VSEPR સિધ્ધાંતને આધારે $PH_3$ અણુનો પ્રકાર જણાવો.

5. X અક્ષને આંતર કેન્દ્રિય અક્ષ તરીકે ગણી નક્કી કરો કે નીચેનામાંથી કોણ સિગ્મા બંધ રચશે નહી?

   (a) 1s અને 1s (b) 1s અને $2p_x$

   (c) $2p_y$ અને $2p_y$ (d) 1s અને 2s.

## વિભાગ – B

- **નીચેના પ્રશ્ન નં 6 થી 8 નાં માગ્યા મુજબ અતિટુંકમાં જવાબ આપો**. [06]

  **(પ્રત્યેક પ્રશ્ન 2 ગુણનો છે.)**

6. સમજાવો: Be ની $\Delta_i H_1$ B કરતાં વધારે છે.

7. $NH_3$ અને $NF_3$ માંથી કોની દ્વીધ્રુવી ચાકમાત્રા વધારે છે? શા માટે?

**અથવા**

7. "$NH_3$ અને $H_2O$ અણુઓની ભુમિતિ વિકૃત સમચતુષ્ફલક છે. તેમ છતાં પાણીમાંનો બંધકોણ એમોનિયાના બંધકોણ કરતાં ઓછો છે." સમજાવો.

8. સિગ્મા અને પાઈ બંધ વચ્ચેનો ભેદ દર્શાવો.

## વિભાગ – C

- **નીચેના પ્રશ્ન નં. 9 થી 11 ના વિગતવાર જવાબ લખો.** **[09]**
  **(પ્રત્યેક પ્રશ્ન 3 ગુણનો છે.)**

9. તમે આ તથ્યને કેવી રીતે સમજાવશો કે સોડીયમની પ્રથમ આયનીકરણ એન્થાલ્પી મેગ્નેશિયમની પ્રથમ આયનીકરણ એન્થાલ્પી કરતાં નીચી છે, પરંતુ સોડિયમની દ્વિતીય આયનીકરણ એન્થાલ્પી મેગ્નેશિયમની દ્વિતીય આયનીકરણ એન્થાલ્પી કરતાં ઉંચી છે.

**અથવા**

9. આવર્ત અને સમૂહમાં પરમાણ્વીય ત્રિજ્યા કેવી રીતે બદલાય છે? આ બદલાવને તમે કેવી રીતે સમજાવશો?

10. $PCl_5$ ની બાબતમાં સંકરણ વર્ણવો. શા માટે અક્ષીય બંધો વિષુવવૃતીય બંધો કરતાં વધારે લાંબાં હોય છે?

11. નીચે દર્શાવેલા તત્વોની જોડમાંથી કયું તત્વ વધુ ઋણ ઈલેક્ટ્રોન પ્રાપ્તી એન્થાલપી ધરાવે છે? સમજાવો.

    (i) O અથવા F (ii) F અથવા Cl

## વિભાગ – D

- **નીચેના પ્રશ્ન નં.૧૨ નો માંગ્યા મુજબ જવાબ લખો.** **[05]**

12.(i) આણ્વીય કક્ષકોની રચના માટે પરમાણ્વીય કક્ષકોના રૈખિક સંગઠન માટે અગત્યની શરતો લખો. (2 ગુણ)

(ii) આણ્વીય કક્ષકવાદનો ઉપયોગ કરીને સમજાવો કે $Be_2$ અણુ શા MATE અસ્તિત્વ ધરાવતો નથી. (2 ગુણ)

(iii) $O_2$, $O_2^+$, $O_2^-$, $O_2^{2-}$ ને સ્થિરતાના ચઢતા ક્રમમાં ગોઠવો. (1 ગુણ)